<u>ઈ-મેઇલ મેસેજ</u>

<u>પ્રતિ</u> :- ડાયરેકટરશ્રી, ગુજરાત ઇન્ફોર્મેટીક્સ લી.,ગાંધીનગર (gujinfo.gog@gmail.com )

<u>જાણ</u> :- (૧) પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુ.રા., ગાંધીનગર

(૨) અધિક પોલીસ મહાનિદેશક અને કમિશ્નરશ્રી તકનીકી સેવા, ગુ.રા., ગાંધીનગર (gswan-conn@gujarat.gov.in)

(૩) નાયબ પોલીસ મહાનિરીક્ષકશ્રી, જૂનાગઢ વિભાગ, જૂનાગઢ

<u>પ્રેષક</u> :- પોલીસ અધિક્ષક, પોરબંદર.

<u>**નંબર**</u> :- કોમ્પ્યુટર/વેબસાઇટ અપલોડ/૫૭/૨૦૨૩, તા.૧૩/૦૨/૨૦૨૩

<u>**વિગત**</u> :-

સવિનય આપશ્રીની કચેરીના જીસ્વાન મેસેજ નં. જી૧(ક્રાઇમ)/ટે-૨/સારી કામગીરી/૧૭૮૧/૨૦૧૨, તા.૧૭/૦૫/૨૦૧૨ તથા ગૃહ વિભાગ ગાંધીનગરના નં. આઇટી/ ૧૦૨૦૧૧/30/આઇટી સેલ/૨૦૧૨ તા.૧૨/૦૭/૨૦૧૨ અન્વયે પોરબંદર જીલ્લાની અઠવાડીક **તા.૦૬/૦૨/૨૦૨૩ થી તા.૧૨/૦૨/૨૦૨૩** સુધીની સારી કામગીરીની મુદ્દા નંબર ૧ થી ૬ ની માહિતી નીચે મુજબ છે.

**મુદ્દા નંબર ૧:- જો જીલ્લા શહેર કક્ષાએ કોઇ ખોવાયેલ બાળકો માટે ઝુંબેશ હાથ ધરવામાં આવેલ હોય કે અન્ય સારી કામગીરી માટે ઝુંબેશ ચલાવવામાં આવી હોયઃ-**

(૧) કમલાબાગ પો.સ્ટે. ગુમ.નં.૦૨/૨૦૨૩ તથા જા.જોગ નં.૦૯/૨૩ તા.૦૯/૦૨/૨૩ ક.૧૨/૦૫ અન્વયે ગુમ થનાર સ્વીટુબેન ઉર્ફે સ્નેહા વા/ઓ ભાવેશભાઈ થાનકી ઉ.વ.૨૯ ધંધો.ઘરકામ-નોકરી રહે.વ્રજ ભુવન સોસાયટી એરપોર્ટ સામે, શેરી નં.૧ પોરબંદર વાળીને PSI શ્રી વી.ડી.વાઘેલા LR લખુભાઈ નેભાભાઈ દ્વારા તા.૧૦/૦૨/૨૩ ના રોજ શોધી કાઢેલ છે.

**મુદ્દા નંબર ૨:- શાળા કોલેજમાં ચર્ચા/ડીબેટ/અથવા તો અવેરનેશ પ્રોગ્રામ ચલાવવામાં આવ્યાં હોય** :-

(૧) તા.૦૬/૦૨/૨૦૨૩ ના રોજ હાર્બરમરીન પો.સ્ટે.ના સ્ટાફ દ્વારા સુરક્ષા સેતુ સોસાયટી અંતર્ગત મહિલાની સલામતિ અને સુરક્ષાને ધ્યાને મહીલાઓ માટે બેઝીક અને એડવાન્સ સ્વક્ષણ માટુ કરાટે તાલીમ નું આયોજન કરવામાં આવ્યુ હતુ.

(૨) તા.૦૬/૦૨/૨૦૨૩ ના રોજ મહીલા પો.સ્ટે. થાણા અધિ.શ્રી દ્વારા શ્રી વસંતજી ખેરાજ પ્રાથમીક શાળા તથા તળપદ પે.સેન્ટર શાળામાં વિધ્યાર્થીઓની મુલાકત કરી મહિલા સ્વબચાવ કાર્યક્રમ માટેની કરાટે તાલીમ આપવામાં આવી ૧૮૧ ની હેલ્પલાઇન ની મદદ મેળવવા અંગે માહીતગાર કર્યા તેમજ કાયદાકીય સલાહ સુચન કરવામાં આવ્યુ. તેમજ તે વિસ્તારમાં પેટ્રોલીંગ કરવામાં આવેલ.

(૩) તા.૦૭/૦૨/૨૦૨૩ ના રોજ મહીલા પો.સ્ટે. થાણા અધિ.શ્રી દ્વારા વી.જે.મોઢા કોલેજ વિસ્તારમાં પેટ્રોલીંગ કરવામાં આવ્યુ. તેમજ કોલેજની વિધ્યાર્થીઓને મુશ્કેલીના સમયે ૧૮૧ ની હેલ્પલાઇન ની મદદ મેળવવા અંગે માહીતગાર કર્યા તેમજ કાયદાકીય સલાહ સુચન કરવામાં આવ્યું

**મુદ્દા નંબર ૪:- ગુન્હાઓ અટકાવવા કોઇ વિશિષ્ટ કામગીરી/સ્ટ્રેટજી આપવામાં આવેલ હોય અને સફળતા મળેલ હોય :-**

(૧) કીર્તિમંદિર પોલીસ સ્ટેશનમા ગુ.ર.નં.પાર્ટ એ-૧૧૨૧૮૦૦૬૨૩૦૦૮૨/૨૦૨૩ આઇ.પી.સી.ક.૩૭૯ મુજબનો ગુન્હો દાખલ થયેલ જેમા આ કામના ફરીયાદીનો સેમસંગ કંપનીનો A9 મોડલનો ચાલુ હાલતનો મોબાઈલ ફોન જેના IMEI નં.૩૫૩૪૫૧૧૦ ૦૫૫૫૯૨૭નો કિ.રૂ.૧૨,૦૦૦/- નો ફરી.ના

કાઉન્ટ ટેબલ પર રાખેલ જે મોબાઇલ ફોન ફરીયાદીની નજર ચુકવી કોઇઅજાણ્યો ચોર ઇસમ ચોરી કરી લઇ જઇ ગુનો આચરેલ હતો કીર્તિમંદીર પોલીસ સ્ટેશનનાં પોલીસ ઇન્સ્પેક્ટરશ્રી વી.પી.પરમારના માર્ગદશન હેઠળ ડી-સ્ટાફ PSI શ્રી આર.કે.કાંબરીયા તથા PSI શ્રી કે.આર.જાટીયા તથા સર્વેલન્સ સ્ટાફના માણસો દ્વારા વિશ્વાસ પ્રોજેક્ટના સી.સી.ટી.વી.કેમેરાની મદદથી તપાસ કરતા ચોર ઈસમની ભાળ મેળવી કીર્તિમંદીર પોસ્ટેના UHC બી..પી.કારેણા,PC જીતુ રાજશીભાઈ નાઓને અંગત હ્યુમન સોર્સ મારફતે બાતમી હકીકત મળેલ કે અગાઉ સુતારવડામા ચોરી કરનાર ઈસમ હજુ અન્ય મોબાઈલ ચોરી કરવા ભાવના ડેરી પાસે આવેલ પાનની દુકાન પાસે ઉભો છે અને દુકાનો તથા લારીઓ પર મોબાઈલ ચોરી કરવા ફરે છે જે ઈસમે કાળા કલરનુ ટી-શર્ટ પહેરલે છે તથા સફેદ કલર જેવુ જીંન્સનુ પેંટ પહેરલે છે જે હકીકતના આધારે બાતમી વાળી જગ્યાએ તુરંત પહોચી ત્યા બાતમી મા જણાવ્યા મુજબ ના વર્ણન વાળો ઈસમ ઉભો હોય જેને કોર્ડન કરી નામઠામ પુછતા પોતે પોતાનુ નામ અમીત રાણાભાઈ વેગડા,ઉ.વ.૨૨ જાતે અનુ.જાતી રહે.કડીયા પ્લોટ શેરી નંબર ૦૧.ક્લાસીક પાનની બાજુમા પોરબંદર નો  હોવાનુ જણાવતા પંચો રૂબરૂ અંગ ઝડતી કરતા ઉપરોક્ત ગુનાના કામે ચોરીમા ગયેલ મોબાઈલ મળી આવતા યુક્તિ પ્રયુક્તિ પુર્વક તેની પુછપરછ કરતાં તેણે સદર મોબાઈલ ચોરી કરેલા ની કબુલાત કરતા મજકુર આરોપી ને ધોરણસર કરવાની કાર્યવાહી કરવામાં આવેલ છે.

**મુદ્દા નંબર ૫:- વૃધ્ધો મહીલાઓ કે બાળકોની સુરક્ષા માટેની વિશિષ્ટ કામગીરીઃ-**

(૧) તા.૦૮/૦૨/૨૦૨૩ ના ક.૧૬/30 થી ક.૧૭/30 સુધી હાર્બર મરીન પો.સ્ટે.ના પો.ઈન્સ. દ્વારા સુભાષનગરના હનુમાન ચોક પાસે કોમ્યુનીટી હોલ અમારી અધ્યક્ષ સ્થાને આ વીસ્તારના માછીમાર બહેનો સાથે મીટીંગ યોજવામા આવેલ. જેમા આશરે ૭૫ બહેનોને સમાજમાં વ્યાપક બદીને દુર કરવા આગળ આવવા અને દરેક બહેનોને પોતાના ઘરના સભ્યોને વ્યશનથી દુર રાખવા  શરૂઆત કરવા ભવીષ્યનો વિચાર કરી બચત કરવા દુષણ સામે એક જુટ થઇ સુધારણા તરફ આગળ વધવા, સંતાનો અને તેમાય ખાસ કરીને દીકરીઓના અભ્યાસ અધુરા ન રહે તે માટે ધ્યાન આપવા સરકારશ્રી માથી મળતી જુદી જુદી સહાય મહીલાઓને નાના ઉદ્યોગ, ગૃહ ઉદ્યોગ માટે મળતી સહાય તેમજ તે માટેના સંગઠીત મહીલા મંડળ, સખી મંડળના ફાયદાઓ વીશે અને મહીલાઓને કોઇ પણ પ્રકારની સમસ્યા હોય વીના સંકોચે રજુઆત કરવી સમજ કરી માર્ગદર્શન આપવામા આવેલ.

(૨) તા.૦૯/૦૨/૨૦૨૩ ના રોજ મહીલા પો.સ્ટે.ના પો.ઇન્સ શ્રી આર.એમ.રાઠોડ તથા પો.સબ.ઈન્સ કે.એમ.સૈયદ તથા સ્ટાફ દ્વારા શ્રીબાલુબા કન્યા વિધાલયમાં વિદ્યાર્થીનીઓ ને મહિલા જાગ્રુતીકરણ અંગે, ૧૮૧ મહીલા હેલ્પ લાઇન નંબર,  ઈ-એફ.આઈ.આર, સાયબર ફ્રોડ, ઘરેલુ હિંસા, મહીલાઓની છેડતી તથા મહિલા અત્યાચારને લગતી સમસ્યા અંગે કાયદાકીય માહિતી તથા કાનુની સહાય અને રક્ષણ કેવી રીતે મેળવી શકાય. તે અંગેની યોજનાઓની માહિતી તેમજ કોઈ અજાણ્યા કે જાણીતા વ્યક્તિ કોઇ એવી જગ્યાએ સ્પર્શ કરે અથવા કોઈ ચીજ વસ્તુ આપવાની લાલચ આપી લલચાવી કે ફોસલાવી પોતાની પાસે બોલાવે તો તાત્કાલીક માતા-પિતા અથવા શિક્ષકને જાણ કરવા તથા ચિલ્ડ્રન હેલ્પ લાઈન નંબર ૧૦૯૮ વિશે જરૂરી માહીતી આપેલ તથા પોતાના સ્વબચાવ કેવી કરીતે કરવો તે અંગે જરૂરી માહીતી પુરી પાડેલ.

(3) તા.૧૨/૦૨/૨૦૨૩ ના રોજ મહીલા પોલીસ સ્ટાફ દ્વારા અસ્માવતી રીવરફ્રન્ટ,ચોપાટી  વિસ્તારમાં મહિલાઓને તેમજ સીનિયર સીટીજનોની મુલાકાત કરી તેમને કોઇ મુશ્કેલી હોય ત્યારે પોલિસની મદદ લેવા તેમજ શી-ટીમ વિષે માહીતગાર કરેલ.

**મુદ્દા નંબર ૬:- અન્ય લોકહીતની બાબતો જે લોકોને તુરંત જ ધ્યાન પર આવે તેવી બાબતો :-**

(૧) તા.૧૦/૦૨/૨૦૨૩ ના રોજ ઉદ્યોગનગર પો.સબ.ઈન્સ. તથા સ્ટાફ દ્વારા વ્યાજખોરોનાં ત્રાસમાંથી આમ જનતાને બચાવવાનાં ભગીરથ પ્રયાસનાં ભાગરૂપે ઉદ્યોગનગર વિસ્તારમાં ઓરીયન્ટ ફેક્ટરી ખાતે લોન મેળાનું આયોજન કરવામાં આવેલ. આ મેળામાં આમ નાગરીકોને સરળતાથી લોન મળી રહે તે માટે બેંક કર્મચારી તથા સરકારી કર્મચારીઓ હાજર રહેલ અને આ લોન મેળામાં પી.એમ. સ્વનીધી યોજના, પ્રધાનમંત્રી મુદ્રા યોજના, મુખ્યમંત્રી મુદ્રા યોજના, મુખ્યમંત્રી મહિલા ઉત્કર્ષ યોજના, માનવ કલ્યાણ યોજના વિગેરે સરકારશ્રીની પ્રજાલક્ષી યોજનાઓ વિશે જરૂરી માર્ગદર્શન આપવામાં આવેલ. તેમજ ઓરીયન્ટ ફેક્ટરીનાં તમામ વર્કરોને રૂબરૂ મળી સરળતાથી લોન મળી રહે તે અંગે સમજ આપવામાં આવી.

.

( ઋતુ રાબા )
ના.પો.અધિ.મુ.મ. અને
નોડલ ઓફીસર eGujcop
પોરબંદર